# પ્યારી માના મહિમાનું ખરું-ખોટું

નારી વિશ્વ
દિવ્યાશા દોશી
divyasha.doshi@
bombaysamachar.com

**માતૃત્વની અનુભૂતિ સ્ત્રી માટે અનોખી છે પણ જરૂરી ખરી? તેની કદર ખરેખર આપણને છે?**

છેલ્લાં બેચાર વરસથી માતૃદિનનો રવિવાર સોશિયલ મીડિયા પર સ્વર્ગ રચી દે છે. જો દરેકના વિચારો મા માટે કે સ્ત્રી માટે આટલા સારા અને સમજદાર હોત તો દુનિયા કંઈક જુદી જ હોત. માતૃદિનના મેસેજોનો સુનામી જોતા વિચાર આવ્યો કે આપણે ત્યાં આવા દિવસો ઉજવવાનો વિચાર નહોતો. હવે આ પ્રેમના દિવસ અને માતૃદિન, પિતાદિન પણ આવશે અને બીજા અનેક દિવસો... આપણે ત્યાં માતૃરૂપેણ સંસ્થિતાને નમન કરવાની સભ્યતા હતી જ. જેમાં પણ માતૃરૂપના દર્શન થાય તેને નમન... પ્રેમ નહીં પણ કાળજી કરે તે માતા. જન્મ આપનારી માતા કાળજી કરી શકે કે ન પણ કરી શકે. કાળજી કરવી તે દરેકના સ્વભાવમાં હોતું નથી.

માતૃદિનનો મહિમા ગાઈ રહેલા સોશિયલ મીડિયા સાંભળતી વખતે થોડા જ દિવસો પહેલાં વાંચેલા સમાચારો યાદ આવ્યા. દોઢ મહિના બાદ પુત્રને માતાની લાશ મળી. પુત્ર વિદેશમાં રહેતો હતો અને માતા અહીં એકલી રહેતી હતી. વાંક અહીં પુત્રનો નથી પણ એ સમાચાર વાંચીને લોકોના પ્રતિભાવ હતા કે કેવો પુત્ર છે તેણે માતાની એકલી મૂકી દીધી. મારી આસપાસ અનેક સ્ત્રીઓ એકલી રહે છે કોઈકે લગ્ન જ નથી કર્યા તો કોઈકે બાળકને જન્મ નથી આપ્યો તો વળી કોઈકનો દીકરો અને દીકરી વિદેશમાં રહે છે અને તેઓ પોતે અહીં આનંદિત જીવન જીવે છે. પક્ષીઓ બાળકને ઉછેરે છે અને પછી તેને ઉડતા શીખવાડી મુક્ત કરે છે પોતાનું વિશ્વ રચવા માટે. માતૃત્વ એક અનુભૂતિ છે. પોતાની અંદર એક માનવને બીજમાંથી બાળક થતી પ્રક્રિયાને અનુભવવી અને આનંદ મેળવવો સહેલો પણ નથી. તેને જેટલું ગ્લોરિફાય કરવામાં આવે છે તેવું હોતું નથી. શારીરિક અને માનસિક અને હવે તો આર્થિક પણ તૈયારી ન હોય તો માતા બનવાનો અનુભવ દુખદ પણ બની શકે છે. એ પીડામાં ય એક પિંડને જન્મ આપવાની તૈયારી અને પછી તેની કાળજી લેવાની એ જ અગત્યનું છે.

પશુઓના બાળકની જેમ મનુષ્યનું બાળક જન્મતાંના થોડા જ કલાકમાં પોતાના પગ પર ઊભું રહેતું નથી. એ બાળક સ્વતંત્ર રીતે જીવતા શીખે તેને વરસો લાગે છે. વળી આપણી સમાજવ્યવસ્થા આપણે એવી બનાવી છે કે તે અઢાર કે વીસ વરસે વોટિંગ કરી શકે છે પણ તે સ્વતંત્ર રીતે પોતાના નિર્ણયો લઈને પોતાના જીવનને પોતાની મરજીથી જીવી શકતો નથી. ઉછેરની વાત પછી કરીશું પહેલાં જન્મની પીડાની વાત કરીએ. બાળકને જન્મ આપતા સુધીમાં અનેક હોર્મોનલ ફેરફારો સ્ત્રીના તનમનને ધમરોળી નાખે છે. તેમાંથી કેટલી સ્ત્રીઓને બાળકને જન્મ આપ્યા બાદ ડિપ્રેશન આવે છે. તેને પોસ્ટનેટલ ડિપ્રેશન કહેવાય છે. સ્ત્રીઓ સાથે સંકળાયેલા હોર્મોનલ ફેરફારની બાબત આપણે ત્યાં ચર્ચવામાં આવતી નથી. દરેક બાબતને યા તો ગ્લોરિફાય એટલે કે મહાન બનાવવાની યા તો તેને નિમ્નતર કક્ષાએ મૂકી દેવાની. માસિક આવે તે અપવિત્ર ગણાય. કુંવારિકા પૂજનીય ગણાય. તેને માતૃસ્વરૂપે જોવાની. જો કે કેટલાક પુરુષો માટે તે બાળકી પણ નહીં ભોગવવાનું સાધન જ હોય છે. તેને માસિક આવવાની શરૂઆત થાય એટલે તે માતા બની શકે પણ પૂજનીય રહેતી નથી. માસિક આવવાથી તેનામાં વિકાર આવે છે. પોસ્ટનેટલ ડિપ્રેશન આપણે ત્યાં પણ સ્ત્રીઓને આવે છે પણ તેના વિશે વાત કરવામાં જ નથી આવતી. વિદેશમાં હવે સ્ત્રીઓ માતૃત્વ ધારણ કર્યા બાદ આવતા ડિપ્રેશન વિશે ફોટા સાથે વાત કરી શકે છે. જેમને જોવું હોય તે ઓનલાઈન જોઈ શકે છે. ફેબ્રુઆરી મહિનામાં જ કેલિફોર્નિયાની ટોરી બ્લોક નામની મહિલાએ પોતાનો ડિપ્રેશન સમયનો ફોટો મૂકીને પોતાના પોસ્ટ નેટલ ડિપ્રેશનની વાત લખી છે. ટોકોફોબિયા ધરાવતી સ્ત્રીઓ માતા બનવાનું પસંદ નથી કરતી. આ ટોકોફોબિયાનું નામ આપણે ત્યાં સહેજ પણ જાણીતું નથી. કારણ કે આપણે ત્યાં માતૃત્વ ધારણ કરવું જાણે ફરજિયાત છે. પણ કેટલીક સ્ત્રીઓને પ્રસવ પીડા અને માતૃત્વનો ડર લાગતો હોય છે.

મને યાદ છે અમે નાના હતા ત્યારે સ્ત્રીઓ વાત કરતી કે પ્રસવ પીડા એટલી ભયાનક હોય કે તમને બીજો જન્મ મળ્યો એવું લાગે. પ્રસૂતિ અને ગર્ભવતી મહિલા જો ખરેખર સાચું બોલે તો તેમાં કોઈ ગ્લેમર નહીં દેખાય જે આપણા સાહિત્યમાં જોવા મળે છે. માતા બન્યા બાદ કેરિંગની જરૂર સ્ત્રી અને બાળક બન્નેને હોય છે. એટલે જ આપણે ત્યાં સ્ત્રી પિયર જતી હતી, જ્યાં તેની માતા તેની કાળજી લેતી હોય. આજે હવે શહેરોમાં અને વિભક્ત કુટુંબને લીધે આ ચલણ બદલાયું છે. બાળકની કાળજી માતાએ જ લેવાની હોવાથી કારકિર્દી સ્ત્રી માટે ડેડ એન્ડ જેવી બની જાય છે. માતૃત્વ કે કેરિયર એ બેમાંથી તેણે પસંદગી કરવાની હોય છે. કેરિયર વિમેન એટલે કે મહત્ત્વકાંક્ષી સ્ત્રીઓ ક્યારેય સારી માતા બની શકે નહીં એવી માન્યતા હોય છે. જે અનેક માતાની સફળતા જોઈને કહી શકાય છે. તે છતાં ઈન્દ્રા નુયી જે આંતરરાષ્ટ્રિય કંપનીના ઉચ્ચ હોદ્દા પર પહોંચ્યા બાદ પણ કબૂલે છે કે તેમની દીકરીઓ કહે છે ક્યારેક કે તે સારી માતા નથી. જો કે તે બાળકીઓની નાસમજની જ વાત છે પણ માતૃત્વ એ દોરડા પર ચાલવા જેવું છે. બેલેન્સિંગ એક્ટ દરેક સ્ત્રીઓ માટે શક્ય નથી હોતું. વળી માતા બનતી સ્ત્રી પણ એક વ્યક્તિ છે એ ભૂલી જવાતું હોય છે એટલે સ્ત્રી પણ માતૃત્વની ભૂમિકામાંથી બહાર નીકળવા નથી માગતી. બાળકો પછી તેમનાં બાળકોને ઉછેરવાના. માતૃત્વની અનુભૂતિ અદભુત હોઈ શકે છે જો તે યોગ્ય માત્રામાં હોય. શું ખરેખર બાળકો મોટા થયા પછી માતાની સાથે જ રહેવા ઈચ્છતા હોય છે? તેમણે વિકાસ કરવો હોય તો પોતાનો માળો છોડીને આકાશમાં દૂર ઊડવું પડે છે. માતા પણ પોતાની આંગળી છોડીને દોડી જતા બાળકને સ્નેહસભર જોઈ રહે છે. તે નથી ઈચ્છતી કે બાળક આખી જિંદગી તેની આંગળી પકડીને ચાલે. હા એવાં ચેલેન્જિંગ બાળકો હોય છે તેની કાળજી માતાપિતા આખો જન્મારો લેતા હોય છે. બાકી તો બાળક મોટું થાય અને પોતાના વિશ્વમાં ખોવાઈ જાય તો એમાં બાળક ખરેખર ખરાબ નથી થઈ જતો. આપણે મનુષ્ય છીએ અને મોટું થયેલું બાળક પ્રેમથી માતાની દેખભાળ કરે તે અલગ વાત છે. બાકી માતૃત્વને બહુ મહાન સ્વરૂપ બનાવવું અને પછી સ્ત્રીઓને તેમાં બાંધી રાખવી તેમાં માતૃત્વનો આનંદ નથી. માતૃત્વ એ સ્ત્રીના જીવનનો એક તબક્કો માત્ર છે. તે આખી જિંદગી ફક્ત માતા જ બનીને રહે તે માની લેવું તે યોગ્ય નથી. આ વિચારો કદાચ પિતૃસત્તાક માનસિકતા ધરાવતા સ્ત્રી-પુરુષોને યોગ્ય ન પણ લાગે. માતૃદિને માતાનો મહિમા ગાતા લોકોને શક્ય છે કે બાકી દિવસોએ મા પરની ગાળો બોલતા ખચકાટ નથી થતો.

જો કે હવે કેટલીક સ્ત્રીઓ પોતાના જીવનના નિર્ણયો જાતે લેવા લાગી છે. કેટલીક સ્ત્રીઓ લગ્ન નથી કરતી તો કેટલીક લગ્ન કર્યા વિના પણ માતા બનવાનું પસંદ કરે છે. તો લગ્ન બાદ પણ સ્ત્રી હવે બાળકને જન્મ આપવા ન માગતી હોય તેવા કિસ્સાઓ હવે સામાન્ય બની ગયા છે. હા માતૃત્વ દિને માતાને યાદ કરો કે પછી બીજા કોઈ દિવસે તમે માતાની સાથે સમય વીતાવો ત્યારે એ આનંદમય જ બની રહેવાનો છે. જો કે માતૃત્વનું બીજું સ્વરૂપ પણ હોઈ શકે છે. પોતાના જ બાળકને મારી નાખતી માતાઓ છે કે પોતાની જ દીકરીને પૈસા માટે વેચી નાખતી સ્ત્રીઓ પણ છે જ. શીના બોરાને તેની સગી માતા ઈન્દ્રાણીએ મારી નાખી પણ એ પહેલાં તેણે પોતાની દીકરીને પોતાની બહેન તરીકે જ લોકોને ઓળખ કરાવી. આવા કિસ્સાઓ જૂજ છે પણ છે કારણ કે સ્ત્રી પણ એક વ્યક્તિ છે અને તેનામાં અનેક સારીનરસી શક્યતાઓ હોઈ શકે. સ્ત્રીને દીકરી, પત્ની ને માતા સિવાય પણ પોતાનું આગવું વ્યક્તિત્વ હોઈ શકે છે. માતામાં એ વ્યક્તિત્વનો સ્વીકાર થાય તો એ બેસ્ટ ફ્રેન્ડ બની શકે છે. પાસે હોય કે દૂર હોય તેને ક્યારેય તમારા માટે કે તમને એના માટે ફરિયાદ ન રહે કે અફસોસ ન રહે. ■



# માત્ર મહિલાઓ માટેની એક માત્ર માર્કેટ



આપણે શહેરોમાં એવી અનેક બજારોમાં ફરતાં હોઇએ છીએ ત્યાં જોતા હોઇએ છીએ કે સ્ત્રી-પુરુષ બેઉ તેમાં હરી ફરીને ખરીદી કરી શકતાં હોય છે. શનિ-રવિ જેવા વીક એન્ડના દિવસોમાં તો પતિ-પત્ની સાથે મળીને જ ખરીદીનો લહાવો લેતાં હોય છે. જોકે, કેટલાક મહાશયોને રજાના દિવસોમાં ઘરેથી બહાર નીકળવાનો કંટાળો આવતો હોય છે. આમ પણ ઘરમાં કઇ ચીજો ખલાસ થઇ છે અને કઇ ચીજો તાત્કાલિક લેવી પડશે એની વધારે ખબર તો મહિલાઓને જ પડતી હોય છે. આવા પુરુષો માટે ખુશખબર કહેવાય એવા સમાચાર છેક ઉત્તર-પૂર્વ ભારતના મણિપુર રાજ્યમાંથી આવ્યા છે. જી..હાં, આ રાજ્યની રાજધાની ઇમ્ફાલમાં આવેલી મધર માર્કેટ નામની આ બજારમાં માત્ર મહિલાઓને જ પ્રવેશ અપાય છે. માત્ર આટલું જ નહીં દુકાનના ગલ્લે બેસનારી કે તેમાં કામ કરતી તમામ વ્યક્તિ પણ મહિલાઓ જ હોય છે. એટલે ખરીદનાર પણ મહિલાઓ અને વેચનારમાં પણ માત્ર મહિલાઓના જ દર્શન થાય.

છેલ્લાં ૫૦ વર્ષથી ચાલતી આ મહિલા માર્કેટ પાછળનું ખરું કારણ એ છે કે અહીંના મોટાભાગના પુરુષો ભારતીય લશ્કરમાં સેવા આપે છે એટલે અહીંની દુકાનોના થડા ઉપર પણ તમને મહિલાઓ જ દેખાય અને ગ્રાહકરૂપે પણ મહિલાઓ જ પ્રવેશતી નજરે પડે. પછી તો કાળક્રમે અહીં એક રિવાજ જ પડી ગયો અને મહિલા સિવાય કોઇ અંદર દાખલ ન થઇ શકે એ કાયદેસર થઇ ગયું.

એશિયાની સૌથી મોટી બજારોમાંની એક એવી આ મધર માર્કેટમાં ૫૦૦ જેટલી મહિલાઓ બજાર ભરીને શાકભાજીથી માંડીને ધાતુમાંથી બનેલાં કળાત્મક શિલ્પો પણ વેચે છે. આ મહિલા વેપારીઓ કોઇ પુરુષ વેપારીઓને પણ હંફાવે એવી મહેનતુ અને બુદ્ધિશાળી હોય છે. કાયમ મહિલા ગ્રાહકોથી છલોછલ રહેતી આ માર્કેટમાં મહિલા વિક્રેતાઓની માસિક આવક ૫૦ હજારથી લઇને બે લાખ સુધી પણ હોય છે.આ બજારમાં નવીસવી છોકરીઓને ઉદ્યોગધંધાની તાલીમ પણ અપાય છે. એમ સમજોને કે મહિલાઓ માટેની આ બજાર એ ભવિષ્યની મહિલાઓને યોગ્ય તાલીમ આપતું એક ટ્રેનિંગ સેન્ટર પણ છે. ■